લાખો લોકો મળી રહે છે કે જે હાસ્યનું કારણ સમજી શકે છે પપ્પા..
પણ એ હસતા ચહેરા પાછળ છુપાયેલ દર્દને સમજવા તમારી ખામી છે..
જીવનના ભટકતા માર્ગ માટે રસ્તો ચીંધનાર તો ઘણા મળી રહે છે પપ્પા..
પણ એ રસ્તા પર હાથ પકડીને ચાલવા માટે તમારી ખામી છે..
**આમ તો જીવવા માટે ઘણું બધું છે આ દુનિયામાં પપ્પા,**
**પણ પચાસ-પચાસ વર્ષથી બસ એક તમારા ન હોવાની જ ખામી છે..**

## • ઋણાનુરાગી •

ગં.સ્વ. સવિતાબહેન પ્રવીણચંદ્ર વોરા
કેલન પ્રવીણચંદ્ર વોરા • સોનલ કેલન વોરા
ઋષિલ કેલન વોરા - આયુષા ઋષિલ વોરા - દ્રષ્ટિ કેલન વોરા

ફર્મ : આદીનાથ બિલ્ડર્સ, આદિનાથ બિલ્ડકોન, આદિનાથ સ્ટેશનર્સ
મો. ૯૪૨૬૦ ૫૫૨૩૪ (રહે.) ૨૬૬૪૦૯૧૦



શાણો માણસ પોતે જોવું ઘટે એટલું જ જુએ છે,
પોતે જોઈ શકે એટલું નહી.

# દિવ્ય આત્માને આઠમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ

"ગુણવાનોને જે હ્દયના ભાવથી વંદન કરે છે,
એના જીવનમાં ગુણોનો નંદનવન સર્જાય છે."

: જન્મ :
તા. ૩૧-૦૮-૧૯૫૩



: અરિહંતશરણ :
તા. ૨૬-૧૦-૨૦૧૪

# સ્વ. અનિલભાઈ કાંતિલાલ શાહ

જેઓ વિચારતા તથા માનતા હતા કે
"પ્રભુ જેને હું બદલી ના શકું તે સ્વીકારવાની મને સ્વસ્થતા આપજે !
જેને હું બદલી શકું તેને બદલવાની મને હિંમત આપજે અને
આ બંને ભેદરેખા સમજવાનું શાણપણ મને આપજે !"
કુદરતના ક્રમને માનવ પલટાવી નથી શકતો, તેથી આજે તમો સદેહે અમારી વચ્ચે નથી,
પણ તમે અમારા પ્રેરણાસ્રોત હતા... છો... અને સદાકાળ રહેશો !

એવા આપના પ્રેમ, હૂંફ, સંસ્કાર, હિંમત અને સમજણ એ જ તમે અમને આપેલો ખરો વારસો,
આપની સ્મૃતિ, આપનું જીવન અને આપના આશીર્વાદ અમારા માટે સદાય માર્ગદર્શક બની રહેશે..

## આપને હરઘડી યાદ કરનારા આપના સદૈવ ઋણી
## શ્રીમતી સુધાબેન અનિલભાઈ શાહ પરિવાર

Er. નિરજ - Er. બિરલ - માન્ય     ડૉ. બિરજુ - ડૉ. કૃતિ - નિરવી - મિશા - અર્હમ (USA)

ફર્મ : અરિહંત સેશિએટ, અમદાવાદ



સંતો અને સજ્જનોની સંગતિ કદી વિફળ નથી જતી.
- વિનોબા ભાવે

## ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ

: જન્મ :
૧-૧૨-૧૯૪૩





: અરિહંત :
૩૧-૧૦-૨૦૧૮



# અ. સૌ. રસીલાબેન વ્રજલાલ શાહ

જીવન એવું જીવ્યા કે ભુલ્યુ ભૂલ્યા નહીં, વિદાય એવી લીધી કે વિસરાય નહીં
હસતો ચહેરો રાખી ધૂપસળી જેવું જીવન જીવી ગયા
સુખમાં કર્યા સૌને ભાગીદાર દુઃખમાં જણાવ્યું નહીં
કુટુંબ માટે ફૂલો પાથર્યા, સર્વત્ર ફેલાવી સુવાસ
વ્યવહાર કદી ચૂક્યા નહીં અને ધર્મ કદી ભૂલ્યા નહીં
કોઈને હસતા જોઈ હસતી મુદ્રા તમારી
રડી લઈએ છાને ખૂણે ખોટ પડી છે તમારી અમને
અગણિત ઉપકાર આપના, સદાય રહીશું ઋણી તમારા આપના આશિષ અમારી શક્તિ છે.
આપના દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે અને મોક્ષ પદને પ્રાપ્ત કરે એવી શુભ ભાવના.

## વ્રજલાલ પ્રેમચંદ શાહ

રીના અલ્કેશ શાહ
કોમલ ધર્મેન્દ્ર શાહ
ફાલ્ગુની સ્નેહલકુમાર સખીદાસ
ઉમંગી મિતુલ શાહ

અલ્કેશ વ્રજલાલ શાહ
ધર્મેન્દ્ર વ્રજલાલ શાહ
સ્નેહલકુમાર પ્રફુલચંદ્ર સખીદાસ
મિતુલ અલ્કેશ શાહ

મિત - ડૉ. કુશલ - દર્શ -મોનિલ - દિશા - દ્વિતી
પ્રેમચંદભાઈ કુંવરજીભાઈ શાહ પરિવાર

**ફર્મ : સર્વોદય સિલ્ક ટ્રેડર્સ - રેવડીબજાર**



મહાન પુરૂષ સાથે દોસ્તી બાંધવી અને સિંહ સાથે દોસ્તી બાંધવી એ બંને સમાન છે.

## દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ

: જન્મ :
તા. ૦૩-૦૯-૧૯૪૯



: અરિહંતશરણ :
તા. ૨૮-૧૦-૨૦૨૦

# સ્વ. કોકિલાબેન બીપીનચંદ્ર પ્રેમચંદભાઈ શાહ (સર્વોદયવાળા)

**સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં અમોને ખબર હતી ?**
**વિદાય આપની અણધારી થશે.. એ પણ ક્યાં ખબર હતી ?**

માતુશ્રી ચંપાબેન પ્રેમચંદભાઈ શાહ - સર્વોદયવાળા
પરિવારના કુલવધુ તથા પરમાર્થપ્રેમી શ્રી બીપીનચંદ્રના જીવનસંગીની
શ્રી કોકિલાબેન... અમારા પરિવારની શોભા સમાન કે જેઓની ધર્મપ્રિયતા, નિખાલસતા,
સેવાભાવના તથા લાગણીશીલ સ્વભાવના કારણે સૌના અંતરમા અદકેરૂં
આસન જમાવનાર એ પુણ્યવંત આત્માની વિદાયને જોત જોતામાં સમયની વહેતી
સરિતામાં બબ્બે વર્ષના વ્હાણાં વાય ગયા... ત્યારે સજળ નયને - આત્મિયતાની
યાદોને નજર સમક્ષ રાખી ભાવભીની ભાવાંજલિ.. સ્નેહભીની શ્રદ્ધાંજલિ..

(શાસનરત્ન પૂ. ડૉ. સુપાર્શ્વચંદ્રજી મ.સા. ના સં.મોટી મમ્મી તથા
સાધ્વીરત્ન પૂ. સુજાતાબાઈ મહા.ના સં. ભાભી)

।। શ્રદ્ધાંજલિ સુમન સમર્પિત ।।
પ્રેમચંદભાઈ કુંવરજી શાહ સમસ્ત પરિવાર
બીપીનચંદ્ર પ્રેમચંદ્ર શાહ (સર્વોદયવાળા)

શાંતીલાલ પ્રેમચંદ શાહ
ચીમનલાલ પ્રેમચંદ શાહ
વ્રજલાલ પ્રેમચંદ શાહ
મનહરલાલ પ્રેમચંદ શાહ
રસીકલાલ પ્રેમચંદ શાહ
હર્ષદરાય પ્રેમચંદ શાહ

જયેશ - અલ્કેશ - યોગેશ - ભદ્રેશ - રીકીલ - પ્રતિક - ધર્મેશ

ટી-૧, સકલ એપાર્ટમેન્ટ, નારણપુરા પોસ્ટ ઓફિસ સામે,નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ०૧૩.
મો. : ૯૮૨૫૨૦૩૨૨૬ ફોન : ૦૭૯ - ૨૭૪૮૦૯૭૨

## પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



: જન્મ :
તા. ૦૩-૧૧-૧૯૪૬





: અરિહંતશરણ :
તા. ૦૫-૦૯-૨૦૨૨

# સ્વ. જયસુખભાઈ હિંમતલાલ સંઘવી

**આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,**
**સ્મરણ તમારૂ થાય છે અમને, મન મુકીને રડાવે છે અમને,**
**અંજલિ આપતા શબ્દો ખૂટે છે,**

**ભગવાન આપના આત્માને શાંતિ આપે એ જ અમારી પ્રાર્થના....**

## આપના ઋણાનુરાગી..

## સરોજબેન જયસુખભાઈ સંઘવી

ચિરાગ જયસુખભાઈ સંઘવી (પુત્ર)
ચારૂ ચિરાગ સંઘવી (પુત્રવધુ)
બિમલ જયસુખભાઈ સંઘવી (પુત્ર)
રોશની બિમલ સંઘવી (પુત્રવધુ)
વૃધ્ધિ આલાપકુમાર સંઘવી (પૌત્રી)
આલાપકુમાર વિનયભાઈ સંઘવી (જમાઈ)

મહેન્દ્રભાઈ હિંમતલાલ સંઘવી (ભાઈ)
સ્વ. સૂર્યકાન્તભાઈ હિંમતલાલ સંઘવી (ભાઈ)
શશીકાન્તભાઈ હિંમતલાલ સંઘવી (ભાઈ)
સેજલ સ્નેહલકુમાર દોશી (દિકરી)
સ્નેહલકુમાર પ્રવિણચંદ્ર દોશી (જમાઈ)

દિપ - સ્મૃતિ - પ્રાચી - રાજ - હર્ષ

**ફર્મ : દર્શન બ્રોકર્સ એન્ડ કાં.**

**હિંમતલાલ તેજપાળ સંઘવી પરિવાર**



સેવાથી શત્રુ પણ મિત્ર થઈ જાય છે.
- વાલ્મિકી

# પાવન પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ

**આપનું સ્મરણ, પુણ્યતિથિનું પાવન ચરણ, તમ બંનેને હોજો જિનેશ્વરનું સદા શરણ....**

## ૫૦મી પુણ્યતિથિ



**પિતાશ્રી સ્વ. નટવરલાલ ભવાનદાસ શાહ**
**(માથકીયા)**
**સ્વર્ગવાસ તા. ૧૪-૧૦-૧૯૭૨**

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



**માતુશ્રી સ્વ. તારાબેન નટવરલાલ શાહ**
**(દેહદાતા - ચક્ષુદાતા)**
**સ્વર્ગવાસ તા. ૧૩-૧૦-૨૦૨૧**

"અંજલી આપતા ફૂલ ખૂટે છે, ભાવાંજલી આપતાં શબ્દો ખૂટે છે"
"મૃત્યુ મળવું એ સમયની વાત છે; મૃત્યુ પછી સૌના હૃદયમાં રહેવું એ આપણા સદ્‌ગુણોની સુવાસ છે."
"તમારૂ જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા;
અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભૂલીશું નહીં."

**અગણિત ઉપકાર આપના, સદાય રહીશું ઋણી તમારા, આપના આશિષ અમારી શક્તિ છે.**

**કુટુંબની એકતાનાં ખૂબ જ આગ્રહી એવા અમારા**
**સ્વર્ગસ્થ માતા-પિતાને પુણ્યતિથિએ પરિવાર તરફથી કોટી કોટી વંદના...**

**આપના ભવોભવના ઋણી.**

| | |
|---|---|
| મિલન નટવરલાલ શાહ | જોલી મિલનભાઈ શાહ |
| બીના પરેશકુમાર સંઘવી | પરેશકુમાર મહેન્દ્રભાઈ સંઘવી |
| કિનીતા રાજેશકુમાર સંઘવી | રાજેશકુમાર શાંતિલાલ સંઘવી |
| મિતા અનિલકુમાર શાહ | અનિલકુમાર બીપીનચંદ્ર શાહ |

દર્શિલ - જીનલ - જીંકલ - કોશા - દર્શિની - આગમ - દિર્વા

**Firm : Evergreen - Ratanpole**



શ્રધ્ધા એટલે પૂજ્ય ભાવ સાથેનો પ્રેમ
- સ્વામી સચ્ચિદાનંદજી

## પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



: જન્મ :
તા. ૦૯-૧૦-૧૯૩૨





: અરિહંતશરણ :
તા. ૦૧-૦૯-૨૦૨૨

# સ્વ. છનાલાલ હરખચંદ સંઘવી

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભક્તિ હતી, ધર્મ કદી ભૂલ્યા નહીં.
વ્યવહાર કદી ચૂક્યા નહીં, અમારા માટે યાદો રૂપી ફૂલો પાથરી ગયા.

તમો આજે નથી રહ્યા છતાં આજે અમારી સાથે છો એવો આભાસ થાય છે. આપની ચીર વિદાયથી અમોએ એક બાહોશ વડીલ અને માર્ગદર્શક ગુમાવ્યા છે. આપના તેજસ્વી વ્યક્તિત્વની છાયામાં અમે પ્રગતિના પંથે આગળ વધીશું પણ આપના અવસાનથી ન પુરાય એવી ખોટ અમને પડી છે. પ્રભુ આપના દિવ્ય આત્માને એમનું સ્મરણ આપે એ જ પ્રાર્થના....

### ॥ શ્રદ્ધાસુમન અર્પણ કરનાર ॥

કેતન છનાલાલ સંઘવી
રૂપેશ છનાલાલ સંઘવી
દિપીકા દિનેશભાઈ સંઘવી
નિકુંજ હર્ષદભાઈ જોષી
આયુષ કેતનભાઈ સંઘવી
અનુજ રૂપેશ સંઘવી
આનલ પાર્થ વેલવન
ખુશ્બુ દિપાંશુ શાહ
વિશ્વા હર્ષદભાઈ જોષી

રૂપા કેતન સંઘવી
પ્રીતિ રૂપેશ સંઘવી
દિનેશભાઈ દલસુખભાઈ સંઘવી
હર્ષદભાઈ રઘુનાથભાઈ જોષી
દર્શિતા આયુષ સંઘવી
આર્ચી રૂપેશ સંઘવી
ફોરમ જનમ મહેતા

નક્ષ - વિહાના

**તથા સમસ્ત હરખચંદ કચરાભાઈ સંઘવી પરિવાર (સાણંદવાળા)**



તમે તમારી ફરજ બજાવવાની કોશિશ કરશો તો તમને તમારી સાચી લાયકાતનો ખ્યાલ આવી જશે.



$ € £ ¥

**Welcome on Board With...**

# Adman® FOREX

## & Services Pvt. Ltd.

(RBI AUTHORISED FOREIGN EXCHANGE BEURAU
& CORPORATE FOREX MANAGEMENT)

**FOREX For :**

- Exporter
- Importer
- Traders

- Foreign Currency
- Traveller's Cheque
- Int. Travel Card

**Regd. Office :** 16, Surmount Complex, Opp. ISCON Mega Mall, SG Rd. Satellite, Ahmedabad - 380 015. **Ph. :** 079-26872086 **M. :** 98254 42052, 99250 06268
www.adman.in • **Email** : admanforex@gmail.com



પ્રશંસા એ ઘણીવાર નિંદાનો પ્રારંભ હોય છે.

# દ્વિતીય ઈનામ વિતરણ સમારોહ તથા તપસ્વી અભિવાદન સમારોહ (૨૦૨૨)નો અહેવાલ

સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતો દ્વિતીય ઈનામ વિતરણ સમારોહ તથા તપસ્વી અભિવાદન સમારોહ (૨૦૨૨) અને 'સમાજ ગૌરવ' એવોર્ડ તથા શ્રેષ્ઠીવર્ય દાનવીર C.A. શ્રી મનસુખભાઈ જે. મેદાણી 'Young Achievers Award' અર્પણ કરવાનો કાર્યક્રમ તા. ૨૫-૦૯-૨૦૨૨, રવિવારે સવારે ૯-૩૦ કલાકે જે.બી. ઓડિટોરીયમ, A.M.A., અમદાવાદ ખાતે યોજાયો હતો. નવકાર મંત્રના જાપ તથા રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી.

સમાજના પ્રમુખશ્રી ઉમેશભાઈ દોશી માનદ્ મંત્રી શ્રી અજયભાઈ દોશી, સહમંત્રી શ્રી દિપકભાઈ સંઘવી આજના સમારંભના માનવંતા મહેમાનો, સમારોહના પ્રમુખશ્રી રાજેશભાઈ જોબાલિયા, મુખ્ય મહેમાન C.A. શ્રી વિવેકભાઈ શાહ, અતિથિ વિશેષ શ્રી ડૉ. રોઝીલ જે. ગાંધી તથા શ્રી ભાવિનભાઈ વી. કોઠારીને દોરીને મંચ પર બિરાજ્યા હતા. સમાજના માનદ્‌મંત્રી શ્રી અજયભાઈ દોશીએ સ્વાગત પ્રવચન આપ્યું હતું.

અતિથિ વિશેષ શ્રી ભાવિનભાઈ કોઠારીનો પરિચય આપવામાં આવ્યો હતો તથા તેમનું સુતરની આંટી તથા મોમેન્ટો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

શ્રી ભાવિનભાઈએ પોતાની સફળ કારકિર્દી માટે પોતાના માતા-પિતાને ઉપકારી ગણાવ્યા હતા. તેમણે વાલીઓને સંતાનોની સરખામણી નહિ કરવાની તથા પોતાની પૂર્ણ નહિ થયેલી ઈચ્છાઓ કે મહત્વાકાંક્ષા પોતાના સંતાનો ઉપર લદાઈ ન જાય તે જોવા માટે અનુરોધ કર્યો હતો. સંતાનોનો રસ (Interest) જાણી તેમની કારકિર્દી ઘડવા તથા વિદેશની ઘેલછા ન રાખવા જણાવ્યું હતું. માત્ર પૈસા દ્વારા સફળતાને ન મૂલવવાનું કહ્યું હતું. આજના સંઘર્ષમય જીવનમાં VUCA (Volatility, Uncertainty, Complexty, Ambiguity) પરિબળ ભાગ ભજવે છે તેથી તણાવ ઓછો રહે અને કાર્યમાં શ્રેષ્ઠતા, નીતિમત્તા, નિષ્ઠા વિ. ભળી રહે તે જોવા જણાવ્યું હતું.

ત્યાર બાદ બીજા અતિથિ વિશેષ શ્રી ડૉ. રોઝિલભાઈ જે. ગાંધીનો પરિચય આપવામાં આવ્યો હતો. તેમનું સૂતરની આંટી તથા મોમેન્ટો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમણે તેમનું વક્તવ્ય આપ્યું હતું.

ડૉ. રોઝિલભાઈએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. સમાજની પ્રવૃત્તિઓને બિરદાવી હતી તથા દાતાઓને ધન્યવાદ આપ્યા હતા. તેમણે આજના વિષમ જીવનને ધ્યાનમાં રાખી શારિરીક, માનસિક, બૌદ્ધિક, આધ્યાત્મિક, આર્થિક એમ વિવિધ જરૂરી પાસાઓની - આરોગ્યની જાળવણી માટે જણાવ્યું હતું. આજના ઘણા બધા રોગો મનોદૈહિક (Psycho-somatic) હોય છે તેથી સંતુલિત જીવન જીવવા ઉપર ભાર મૂક્યો હતો. કર્મના સિદ્ધાંતને કેન્દ્રમાં રાખી કાર્ય કરવા અનુરોધ કર્યા હતો. તેમણે વિદ્યાર્થીઓને તેમના રસ પ્રમાણે કારકિર્દીની પસંદગી કરવા જણાવ્યું હતું તેમણે પોતાના વ્યવસાય સંબંધી પ્રાથમિક બાબતો બતાવી હતી અને આજના તબીબી વિજ્ઞાનના વિવિધ સંશોધન વિષે જણાવ્યું હતું.

ત્યારબાદ મુખ્ય મહેમાન શ્રી C.A. વિવેકભાઈ શાહનો પરિચય આપવામાં આવ્યો હતો અને તેમનું સૂતરની આંટી તથા મોમેન્ટો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી વિવેકભાઈએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

શ્રી વિવેકભાઈએ પોતાની Study Journey, પોતાના સંઘર્ષ વિષે બતાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ઘણી મહેનત કરીને U.S.A. ની C.P.A. ની પરીક્ષા પાસ કરી અને પોતાના પ્રોફેસનને વિકસાવ્યો તે જણાવ્યું. તેમણે વ્યવસાયિક સફળતા માટે કેટલાક સૂત્રો આપ્યા જેમ કે - "Everything is possible, sky is the limit, Out of box વિચારવું, Degree તથા Skill વચ્ચે સંતુલન રાખવું. Focus યોગ્ય રીતે કરવું, નવા નવા Innovative રસ્તાઓ સ્વીકારવા, શોધવા, બધું જ Temporary છે, સમય બળવાન છે અને સતત પરિર્વનશીલ છે. વગેરે તેમણે 3 Idiots મુવીને રેન્ચોના દ્રષ્ટાંતથી સફળતા બાબત જણાવ્યું હતું.

ત્યારબાદ સમારોહના પ્રમુખશ્રી રાજેશભાઈ જોબાલિયાનો પરિચય આપવામાં આયો હતો. તેમનું સૂતરની આંટી તથા મોમેન્ટો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમણે પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

શ્રી રાજેશભાઈએ પોતાના દેશ-વિદેશના અનુભવો બધા સમક્ષ રજૂ કર્યા હતા. તેમણે જૈનોની વિશેષતા અને આવડત જણાવી હતી. યહૂદીઓના દ્રષ્ટાંત દ્વારા બતાવ્યું કે યહુદીઓ વિશ્વના મોટા ભાગના Finance ને હેન્ડલ કરે છે. સતત વાંચન, નવું

# દ્વિતીય ઈનામ વિતરણ સમારોહ તથા તપસ્વી અભિવાદન સમારોહ (૨૦૨૨)નો અહેવાલ

શીખવાનું રાખે છે. હવેનો સમય સતત સ્પર્ધાત્મક છે. Mind Game નું મહત્વ સૌથી વધુ છે. ભારતમાં હજુ વધુ ઉજળા વિકાસની તકો છે. જીવનમાં હકારાત્મક વલણ જરૂરી છે. નિરીક્ષણશક્તિ કેળવવી, લક્ષ્યાંકો નક્કી કરવા અને તેને પૂર્ણ કરવા કઠોર પરિશ્રમ કરવો. કોઠાસૂઝ કેળવવી, જુદા જુદા Case Study કરીને શીખવું.

ત્યારબાદ 'સમાજ ગૌરવ' એવોર્ડ જેમને અર્પણ કરાઈ રહ્યો હતો એવા ઉદ્યોગપતિ શ્રી જિગીશભાઈ દોશીનો પરિચય આપવામાં આવ્યો હતો. 'સમાજ ગૌરવ' સન્માનપત્રનું વાંચન કરવામાં આવ્યું હતું ત્યારબાદ શ્રી જિગીશભાઈનું સૂતરની આંટી, શાલ તથા "સમાજ ગૌરવ" એવોર્ડ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

શ્રી જિગીશભાઈએ પોતાના સંબોધનમાં જીવનની વ્યવહારની બાબતો દર્શાવી હતી. તેમણે કહ્યું કે સમય સતત પરિવર્તનશીલ છે. 'ભૂતકાળમાં શું હતું' એ બધું વિચારવાને બદલે 'વર્તમાન શું છે અને શું થઈ શકે છે' તેના પર ધ્યાન આપો. જીવન કેવી રીતે જીવવું એ ફિલોસોફી અગત્યની છે. જ્ઞાનનો અમલ જરૂરી છે. રાષ્ટ્રીય સ્તરે અવાજ પહોંચે એવા સમાજના અગ્રણીની જરૂર છે. Academics સાથે Practical જરૂરી છે. નિષ્ફળતા અથવા કાર્ય ન થવાના બહાના મળી શકે પણ સતત પુરુષાર્થથી સિદ્ધિ મળી શકે. Family Bonding જરૂરી છે. સમાજને પણ ધ્યાનમાં રાખવો, સમાજનું પણ હિત વિચારવું, ગૌરવ લેવું પણ અભિમાન ન કરવું. આમ તેમણે જીવનોપયોગી ઘણી બાબતો બતાવી હતી.

ત્યારબાદ દાનવીર C.A. શ્રી મનસુખભાઈ મેદાણી 'Young Achievers Award' જેમને અર્પણ થઈ રહ્યો હતો એવા શ્રી હર્ષ અશોકભાઈ સંઘવીનો પરિચય આપવામાં આવ્યો હતો. તેમનું સન્માનપત્ર વાંચી સંભળાવવામાં આવ્યું હતું. તેમનું સૂતરની આંટી, ટ્રોફી, Young Achievers Award તથા રૂા. ૩૧,૦૦૦/- ના ચેક દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

શ્રી હર્ષ સંઘવીએ ભગવાનમાં અને કર્મમાં પૂરી શ્રદ્ધા હોવાનું અને રાખવાનું જણાવ્યું હતું અનેકાન્તવાદના માધ્યમે અન્યના દ્રષ્ટિકોણને પણ સમજવા અનુરોધ કર્યો હતો. પોતાના વિકાસમાં પોતાના પરિવારનો ઘણો ફાળો હોવાનું જણાવી સામાજિક સંબંધોનું મહત્વ બતાવ્યું હતું. વ્યવસાયમાં સફળતા માટે લગન હોવી જરૂરી છે. ગણતરીપૂર્વકનું જોખમ પણ લેવું પડે અને પૂરી તાકાત લગાવવી. હાથ પકડીને અન્યને પણ ઉપર લાવવા માટે પ્રયત્નો કરવા, Sense of fulfillment રાખવી અને સમાજનું ઋણ ચૂકવવા પ્રયત્નો કરવા.

સમાજના પ્રમુખશ્રી ઉમેશભાઈ દોશીએ સમાજ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની ટૂંકમાં ઝલક આપી હતી. આ કાર્યક્રમનું સુંદર સંચાલન કરી રહેલા શ્રીમતી પ્રીતિબેન શાહ તથા તેમના સહયોગી શ્રી વિશાલભાઈ સંઘવીનું અભિવાદન કર્યું હતું. તેમણે સમાજની પ્રવૃત્તિઓની સફળતા માટે સમાજની કમિટીના સભ્યો, યુવા બ્રિગેડના સભ્યો, ઓફિસ સ્ટાફ, દાતાશ્રીઓ એમ દરેકનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સમાજ પોતાના બિલ્ડીંગ માટે પ્રયત્નો કરી રહ્યા છે અને તે દ્વારા પ્રવૃત્તિઓ વધુ સારી રીતે કરી શકાશે અને વધુ વિસ્તૃત, વિકાસશીલ બની શકશે. સમાજના સાધર્મિક પરિવારને રહેઠાણની સમસ્યા હલ થઈ શકે તે માટે સહાયની ઓફર મળી છે. તેમણે સર્વે આમંત્રિત મહેમાનોનો આભાર માન્યો હતો અને તેઓની સિદ્ધિ બદલ ગૌરવની લાગણી અનુભવી હતી.

આ શુભ પ્રસંગે શ્રી જિગીશભાઈ દોશી તરફથી રૂા. ૧,૦૮,૦૦૦/-, શ્રી રાજેશભાઈ જોબાલિયા તરફથી રૂા. ૫૧,૦૦૦/-, શ્રી વિવેકભાઈ શાહ તરફથી રૂા. ૪૧,૦૦૦/-, શ્રી રોઝિલભાઈ ગાંધી તરફથી રૂા. ૨૫,૦૦૦/-, શ્રી ભાવિનભાઈ કોઠારી તરફથી રૂા. ૧૫,૦૦૦/- અને શ્રી હર્ષ સંઘવી તરફથી રૂા. ૪૧,૦૦૦/- નું સમાજને આર્થિક યોગદાન જાહેર કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ઈનામ વિતરણનુ કાર્ય શરૂ થયું હતું. ધો. ૧૦ તથા તેની ઉપરના તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રોફી, રોકડ ઈનામ, સર્ટિફીકેટ દ્વારા સન્માનિત કરાયા હતાં.

ત્યારબાદ શ્રીમતી કમળાબેન નગીનદાસ મણિલાલ દોશી પરિવાર તપસ્વી અભિવાદન યોજના દ્વારા સમાજના તપસ્વીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રીમતી પ્રીતિબેન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી વિશાલ સંઘવીએ તેમાં સહયોગ આપ્યો હતો. શ્રી નીરજભાઈ શાહે આભારદર્શન કર્યું હતું.

પ્રભાવનાના વિતરણ સાથે કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો.

પ્રેષક : ચેતન આર. શાહ



આદર્શ વગરનો માણસ સુકાન વગરના વહાણ જેવો છે.
- ગાંધીજી

# દ્વિતીય ઈનામ વિતરણ સમારોહ તથા તપસ્વી અભિવાદન સમારોહની ઝલક
















સાચું અને અક્ષય સુખ આત્મપ્રાપ્તિમાં જ છે.
- ભગવાન શ્રીકૃષ્ણ

# દ્વિતીય ઈનામ વિતરણ સમારોહ તથા તપસ્વી અભિવાદન સમારોહની ઝલક
















માલિકીની તમામ દિવાલોને જમીનદોસ્ત કર્યા વિના,
માણસના દિલમાં શિશુના જેવો આનંદ આવતો નથી.

# શૈક્ષણિક ઇનામો ૨૦૨૧-૨૨

તા. ૨૫-૦૯-૨૦૨૨ ને રવિવારના રોજ યોજાયેલ દ્વિતીય ઇનામી વિતરણ સમારોહમાં નીચે દર્શાવેલ તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવેલ. તે સર્વે વિદ્યાર્થીઓને સમાજ તરફથી હાર્દિક અભિનંદન તેમજ ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છા.

## જૂથ-૧ મેડિકલ પેરા મેડિકલ

| અ.નં. | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીનું નામ | અભ્યાસ | ઇનામ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | સ્વ. નરેન્દ્રકુમાર એચ. સંઘવી તથા કોકિલાબેન એન. સંઘવી કાયમી પુરસ્કાર યોજના હ. ડૉ. જીમીત સંઘવી - જીજ્ઞા સંઘવી | શૈની શૈલેષભાઇ શાહ | M.D. Pathology | ગોલ્ડકોઇન |
| ૨. | શ્રીમતી ચંપાબેન નાનચંદ સંઘવી | પૈશ્વી ભાવેશભાઇ શાહ | M.D. Pathology | ૨૦૦૦/- |
| ૩. | શ્રીમતી લાભુબેન રમણલાલ શાહ | પૂજન વિમેશભાઇ શાહ | M.S. Orthopedics | ૨૦૦૦/- |
| ૪. | શ્રી મહેન્દ્રભાઈ કાંતિલાલ નગીનદાસ | કુશલ અલ્કેશભાઇ શાહ | M.D. Anesthesiology | ૨૦૦૦/- |
| ૫. | સ્વ. મંગળાબેન ચંદુલાલ શાહ (નાથાભવાનવાળા) હ. વસંતભાઈ | ઝીલ પ્રિતુલભાઇ સંઘવી | M.B.B.S. | ૧૦૦૦/- |
| ૬. | સ્વ. મનસુખલાલ રાયચંદ વસાણી | ઋત્વી જિગ્નેશકુમાર શાહ | B. Physiotherapy | ૮૦૦/- |
| ૭. | સ્વ. પ્રવીણચંદ્ર કાંતિલાલ સંઘવી હ. ડો. નિલેશભાઈ | ઉમેદવાર નથી | | - |
| ૮. | સ્વ. મહેન્દ્રભાઈ કેશવલાલ શાહ હ. હિમાંશુભાઈ | ઉમેદવાર નથી | | - |

## જૂથ-૨ ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ

| અ.નં. | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીનું નામ | ક્રમાંક | ઇનામ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | ધ્રાંગધ્રા નિવાસી સકરચંદભાઈ મંગળજીભાઈ સંઘવી હાયર સેકન્ડરી યોજના હ. મુકેશભાઈ સંઘવી તથા સંજયભાઈ સંઘવી | વિરતી હિતેશભાઇ શાહ | પ્રથમ નંબર "B" | રૂા. ૫૦૦૦/- + ટ્રોફી |
| ૨. | | નેમી મિહીરભાઇ શાહ | પ્રથમ નંબર "JEE" | રૂા. ૫૦૦૦/- + ટ્રોફી |
| ૩. | | હાર્વી જિગ્નેશભાઇ દોશી | પ્રથમ નંબર "ACPC" | રૂા. ૪૦૦૦/- + ટ્રોફી |
| ૪. | | યશ્વી અમીતભાઇ દોશી | દ્વિતીય નંબર "B" | રૂા. ૨૫૦૦/- + ટ્રોફી |
| ૫. | | જૈનિલ વિપુલકુમાર દોશી | દ્વિતીય નંબર "ACPC" | રૂા. ૨૫૦૦/- + ટ્રોફી |
| ૬. | સ્વ. મોતીલાલ જગજીવનદાસ સંઘવી | પ્રાંજલ અર્પિતભાઇ દોશી | છઠ્ઠો નંબર | ૧૨૦૦/- |
| ૭. | સ્વ. જયંતીલાલ ત્રિકમલાલ સંઘવી | રુત્વી પરેશકુમાર સલોત | ૭ મો નંબર | ૧૦૦૦/- |
| ૮. | શ્રીમતી જયાવતીબેન અરવિંદભાઈ સખીદાસ | રવિ વિરલભાઇ શાહ | ૮ મો નંબર | ૮૦૦/- |
| ૯. | શ્રી ભીખાભાઈ રાયચંદભાઈ દેદાદરાવાળા | યશ યોગેનભાઇ દોશી | ૯ મો નંબર | ૮૦૦/- |
| ૧૦. | શ્રી વાડીલાલ જીવરાજભાઈ શાહ | -----ઉમેદવાર નથી---- | ૧૦ મો નંબર | --- |
| ૧૧. | શ્રી હરખચંદ કસ્તુરચંદ દોશી | -----ઉમેદવાર નથી---- | ૧૧ મો નંબર | --- |
| ૧૨. | શ્રીમતી ચંદનબેન હરખચંદ દોશી | -----ઉમેદવાર નથી---- | ૧૨ મો નંબર | --- |
| ૧૩. | શ્રીમતી વિદ્યાબેન કાંતિલાલ ચુનીલાલ દોશી | હાર્વી જિગ્નેશ દોશી | ગણિતમાં વધુ (૯૯) | ૪૦૦/- |
| ૧૪. | સ્વ. પ્રભુદાસ નરોત્તમદાસ શાહ પરિવાર | રુત્વી પરેશકુમાર સલોત | ગણિતમાં વધુ (૯૦) | ૩૦૦/- |



ઝેરનું અમૃત કરે તે સંત
- સ્વામી સચ્ચિદાનંદજી

# શૈક્ષણિક ઇનામો ૨૦૨૧-૨૨

## જૂથ-૩ ધો.૧૨ સામાન્ય પ્રવાહ

| અ.નં. | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીનું નામ | ક્રમાંક | ઇનામ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | ધ્રાંગધ્રા નિવાસી સકરચંદભાઈ મંગળજીભાઈ સંઘવી હાયર સેકન્ડરી યોજના હ. મુકેશભાઈ સંઘવી તથા સંજયભાઈ સંઘવી | અભિ જીગ્નેશકુમાર દોશી | પ્રથમ નંબર | રૂા. ૫૦૦૦/- + ટ્રોફી |
| ૨. | | ટીયા સુપલભાઇ દોશી | દ્વિતીય નંબર | રૂા. ૪૦૦૦/- + ટ્રોફી |
| ૩. | | દેવાંશી જતીનભાઇ સંઘવી | તૃતીય નંબર | રૂા. ૩૦૦૦/- + ટ્રોફી |
| ૪. | સ્વ. શાન્તાબેન મોતીલાલ સંઘવી | ફોરમ આશિષભાઇ દોશી | ચોથો નંબર | ૧૨૦૦/- |
| ૫. | સ્વ. જયંતિલાલ ત્રિકમલાલ સંઘવી | દેવ શૈલેન્દ્રભાઇ દોશી | પાંચમો નંબર | ૧૦૦૦/- |
| ૬. | સ્વ. મંજુલાબેન બીપીનભાઈ શાહ | જય કલ્પેશભાઇ સલોત | છઠ્ઠો નંબર | ૧૦૦૦/- |
| ૭. | શ્રી હરિલાલ માણેકલાલ સલોત, શ્રીમતી શારદાબેન હરિલાલ સલોત | વીર પ્રિયેશભાઇ શાહ | ૭ મો નંબર | ૮૦૦/- |
| ૮. | શ્રી ઇન્દ્રવદનભાઈ હરગોવનદાસ શાહ | ડીમ્પી યતિનકુમાર દોશી | ૮ મો નંબર | ૮૦૦/- |
| ૯. | સ્વ. લક્ષ્મીબેન લક્ષ્મીચંદ સંઘવી | હેત્વી વિરાંગભાઇ બારભાયા | ૯ મો નંબર | ૬૦૦/- |
| ૧૦. | શ્રીમતી સમતાબેન શિવલાલ વોરા | દિયા દિગંતકુમાર શાહ | ૧૦ મો નંબર | ૬૦૦/- |
| ૧૧. | સ્વ. ચુનીલાલ હીરાચંદ દોશી | હેત્વી શૈલેષભાઇ હકાણી | ૧૧ મો નંબર | ૬૦૦/- |
| ૧૨. | સ્વ. મોતીબેન ચુનીલાલ દોશી | રિયા હિતેશભાઇ ગાંધી | ૧૨મો નંબર | ૫૦૦/- |
| ૧૩. | શ્રીમતી મધુકાન્તાબેન રસિકલાલ સંઘવી | કશીશ હેમલભાઇ શાહ | ૧૩મો નંબર | ૫૦૦/- |

## જૂથ-૪ ધો.૧૦

| અ.નં. | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીનું નામ | ક્રમાંક | ઇનામ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | ધ્રાંગધ્રા નિવાસી સકરચંદભાઈ મંગળજીભાઈ સંઘવી હાયર સેકન્ડરી યોજના હ. મુકેશભાઈ સંઘવી તથા સંજયભાઈ સંઘવી | પ્રિયલ વિપુલભાઇ ગાંધી | પ્રથમ નંબર | રૂા. ૫૦૦૦/- + ટ્રોફી |
| ૨. | | જિયા કલ્પેશભાઇ શાહ | દ્વિતીય નંબર | રૂા. ૩૦૦૦/- + ટ્રોફી |
| ૩. | | પ્રણમ્ય દર્શકભાઇ સંઘવી | પ્રથમ નંબર (CBSE) | રૂા. ૫૦૦૦/- + ટ્રોફી |
| ૪. | શ્રીમતી પદમાબેન ધીરજલાલ સંઘવી | લબ્ધી ધર્મેન્દ્રભાઇ સંઘવી | ૪ થો નંબર | ૧૨૦૦/- |
| ૫. | શ્રીમતી સવિતાબેન કાંતિલાલ શાહ | વૈદેહી હિરેનભાઇ વોરા | ૫ મો નંબર | ૮૦૦/- |
| ૬. | શ્રીમતી સુશીલાબેન જયંતિલાલ શાહ | પ્રિશા ભાવિનભાઇ કોઠારી | ૬ ઠો નંબર | ૮૦૦/- |
| ૭. | શ્રી પ્રવીણચંદ્ર નરસિંહદાસ સલોત | જહાન ધવલભાઇ કોઠારી | ૭ મો નંબર | ૮૦૦/- |
| ૮. | શ્રી કેશવલાલ હીમચંદ સલોત | નીશી ભાવિનકુમાર ગોપાણી | ૮ મો નંબર | ૬૦૦/- |
| ૯. | શ્રીમતી ચંચળબેન લહેરચંદ સંઘવી | કૈયા જયભાઇ શાહ | ૯ મો નંબર | ૬૦૦/- |
| ૧૦. | સ્વ. પ્રફુલ્લકુમાર કાંતિલાલ શાહ | ટીશા હિરેનભાઇ શાહ | ૧૦ મો નંબર | ૬૦૦/- |
| ૧૧. | સ્વ. પ્રફુલ્લકુમાર કાંતિલાલ શાહ | પાનીની ભાવિનભાઇ કોઠારી | ૧૧ મો નંબર | ૫૦૦/- |
| ૧૨. | શ્રીમતી સુધાબેન ધીરજલાલ દોશી | જાહ્નવી પ્રશાંતભાઇ બારભાયા | ૧૨ મો નંબર | ૫૦૦/- |
| ૧૩. | શ્રીમતી વિમળાબેન જીવણલાલ સંઘવી | પહલ મૌલિકભાઇ દોશી | ૧૩ મો નંબર | ૫૦૦/- |
| ૧૪. | શ્રીમતી વિમળાબેન જીવણલાલ સંઘવી | તનીશા સચિનભાઇ શાહ | ૧૪ મો નંબર | ૫૦૦/- |
| ૧૫. | શ્રીમતી વિમળાબેન જીવણલાલ સંઘવી | પ્રણમ્ય દર્શકભાઇ સંઘવી (૯૯) | ગણિતમાં વધુ | ૪૦૦/- |
| ૧૬. | સ્વ. સનતકુમારના સ્મરણાર્થે હ.જયેશભાઈ સંઘવી | વૈદેહી હિરેનભાઇ વોરા (૯૮) | ગણિતમાં વધુ | ૩૦૦/- |
| ૧૭. | સ્વ. શાંતાબેન હિંમતલાલ સંઘવી | જહાન ધવલભાઇ કોઠારી (૯૮) | ગણિતમાં વધુ | ૩૦૦/- |

## જૂથ-૫ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોફેશનલ અભ્યાસક્રમો

| અ.નં. | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીનું નામ | અભ્યાસ | ઇનામ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | મનસુખલાલ જે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ કાયમી પારિતોષિક ફંડ | નીતી અતુલભાઇ ગાંધી | C.A. | ૧૫૦૦/- |
| ૨. | શ્રી ચંદુલાલ ચુનીલાલ સંઘવી | ધ્યાન હરેશભાઇ સલોત | C.A. | ૧૦૦૦/- |
| ૩. | શ્રીમતી ચંપાબેન પરષોત્તમદાસ ગોપાણી | સાગર કેતનકુમાર ગોપાણી | C.A. | ૧૦૦૦/- |
| ૪. | શ્રીમતી ધીરજબેન નગીનદાસ દોશી | નીયતી જયેશભાઇ શાહ | C.A. | ૧૦૦૦/- |
| ૫. | શ્રી અશ્વિનભાઈ મહાસુખભાઈ સખીદાસ | ઉમેદવાર નથી | - | - |
| ૬. | શ્રી નીતીશકુમાર | ઉમેદવાર નથી | - | - |
| ૭. | શ્રી પ્રફુલ્લભાઈ જીવણલાલ સંઘવી | ઉમેદવાર નથી | - | - |
| ૮. | શ્રીમતી કુમુદબેન ભરતભાઈ સંઘવી | ઉમેદવાર નથી | - | - |
| ૯. | શ્રી રમેશભાઈ દેવશીભાઈ સંઘવી | ઉમેદવાર નથી | - | - |
| ૧૦. | શ્રી મુકેશભાઈ ચંદ્રકાન્તભાઈ ગાંધી | ઉમેદવાર નથી | - | - |
| ૧૧. | શ્રીમતી શાંતાબેન રતિલાલ કસળચંદ શાહ (પાળિયાદવાળા) | ઉમેદવાર નથી | - | - |

તેત્રીસ કરોડ દેવતા પર શ્રધ્ધા હોય પણ પોતાના ઉપર
જ શ્રધ્ધા ન હોય તો સિધ્ધિ અસંભવિત છે. - વિવેકાનંદ

# શૈક્ષણિક ઇનામો ૨૦૨૧-૨૨

## જૂથ-૬ એન્જીનીયરીંગ અનુસ્નાતક અને સ્નાતક

| અ.નં. | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીનું નામ | અભ્યાસ | ઇનામ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ભરતભાઈ કાંતિલાલ સંઘવી | હેતાર્થ બાદલભાઇ વોરા | B. E. Information & Comm.Tech | ૮૦૦/- |
| ૨. | શ્રી શૈલેષભાઈ છોટાલાલ શાહ અને શ્રી પ્રેમચંદ કુંવરજી શાહ | ઋષભ સંજયભાઇ સખીદાસ | B.E. Mechanical Engineering | ૮૦૦/- |
| ૩. | શ્રી શિવલાલ ભૂરાભાઈ વોરા અને શ્રી રતિલાલ કસળચંદ શાહ | યશ્વી ઉદયભાઇ શાહ | B.E. I.T. | ૮૦૦/- |
| ૪. | શ્રી મહેશભાઈ જીવણલાલ સંઘવી અને<br>શ્રી રમણલાલ પરષોત્તમદાસ વોરા | તીર્થ પારસ કુમાર દોશી | B.E. Computer Engineering | ૮૦૦/- |
| ૫. | શ્રી નગીનદાસ પરષોત્તમદાસ શાહ | યશ પરેશભાઇ દોશી | B.E. Electronic Comm. Engineering | ૮૦૦/- |
| ૬. | શ્રીમતી મંજુલાબેન ચુનીલાલ ગોપાણી | દિપ મિલેશભાઇ શાહ | B.E. Electronic Comm. Engineering | ૮૦૦/- |
| ૭. | સ્વ. શ્રી જીવણલાલ ચુનીલાલ સંઘવી પરિવાર | શ્રેય હિતેશભાઇ શેઠ | B.E. Computer Engineering | ૮૦૦/- |
| ૮. | સ્વ. લીલાબેન કાંતિલાલ સંઘવી<br>હ. કાંતિલાલ વખતચંદ સંઘવી પરિવાર | વંદિત આરઝુભાઇ શાહ | B.E. Computer Engineering | ૮૦૦/- |
| ૯. | શ્રી તારાચંદ માણેકચંદ ગોપાણી અને<br>ચંપાબેન તારાચંદ ગોપાણી | મીત કેતનભાઇ શાહ | B.E. Computer Science | ૮૦૦/- |
| ૧૦. | શ્રી જયેશકુમાર નગીનદાસ દોશી | નિખાર પારસભાઇ દોશી | B.E. Computer Engineering | ૮૦૦/- |
| ૧૧. | સ્વ. કીરચંદભાઈ ભાઈલાલભાઈ સખીદાસ | દર્શ ભરતભાઇ દેસાઇ | B.E. Civil Engineering | ૮૦૦/- |
| ૧૨. | શ્રી મહેન્દ્રભાઈ કાંતિલાલ નગીનદાસ | સૌમ્ય નિરવભાઇ શાહ | B.Tech.Computer Engineering | ૮૦૦/- |
| ૧૩. | સવિતાબેન પ્રવીણચંદ્ર વોરા હ. કેતનભાઈ વોરા | ઋષિલ ચિરાગભાઇ શાહ | B.E. Mechanical Engineering | ૮૦૦/- |
| ૧૪. | સ્વ. મહેન્દ્રભાઈ કેશવલાલ શાહ હ. હિમાંશુભાઈ | ધ્રુવિલ પ્રશાંતભાઇ સંઘવી | B.E. Mechanical Engineering | ૮૦૦/- |
| ૧૫. | શ્રી વ્રજલાલ ધોળાભાઈ શાહ | ઉમેદવાર નથી | - | - |
| ૧૬. | સ્વ. બાબુલાલ કેશવજી શાહ (દેદાદરાવાળા) | ઉમેદવાર નથી | - | - |
| ૧૭. | સ્વ. રતિલાલ કસળચંદ શાહ | ઉમેદવાર નથી | - | - |
| ૧૮. | મંજુલાબેન હસમુખલાલ નંદલાલ સલોત | ઉમેદવાર નથી | - | - |
| ૧૯. | સ્વ. ઇન્દીરાબેન પ્રફુલ્લચંદ સખીદાસ હ. પ્રફુલ્લભાઈ | ઉમેદવાર નથી | - | - |
| ૨૦. | શ્રી અશ્વિનભાઈ નંદલાલ શાહ | ઉમેદવાર નથી | - | - |

## જૂથ-૭ નોન ટેક્નિકલ અનુસ્નાતક

| અ.નં. | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીનું નામ | અભ્યાસ | ઇનામ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | સ્વ. મંગળાબેન ખીમચંદભાઈ દોશી | વૃધ્ધિ પરેશભાઇ સંઘવી | M.Sc. IT. | ૮૦૦/- |
| ૨. | સ્વ. હિંમતલાલ વાડીલાલ સંઘવી અને સ્વ. શાંતાબેન હિંમતલાલ સંઘવી | શ્રુતિ ભરતભાઇ શાહ | M.C.A. | ૬૦૦/- |
| ૩. | સ્વ. ચુનીલાલ હીરાચંદ સંઘવી અને શ્રી દીપકભાઈ જીવણલાલ સંઘવી | ધારવી અમીતભાઇ સંઘવી | M.C.A. | ૬૦૦/- |
| ૪. | શ્રી વિપુલભાઈ હરિભાઈ માણેકલાલ સલોત | કુશલ અતુલકુમાર ગોપાણી | M.B.A. | ૬૦૦/- |
| ૫. | સ્વ. જીવણલાલ ચુનીલાલ સંઘવી પરિવાર | બર્જરી કેતનભાઇ શાહ | M.B.A. | ૬૦૦/- |
| ૬. | શ્રી મુકેશકુમાર કાંતિલાલ સંઘવી | વૈશવ ભાવેશભાઇ શાહ | M.B.A. | ૬૦૦/- |
| ૭. | સ્વ. રેણુકાબેન કીરીટકુમાર શાહના સ્મરણાર્થે હ. શ્રી અમૃતલાલ નાગરદાસ દોશી | પ્રાર્થના ઉમેશભાઇ શાહ | M.B.A. | ૬૦૦/- |
| ૮. | સમાજ તરફથી | ફોરમ પ્રશાંતભાઇ દોશી | M.B.A. | ૬૦૦/- |
| ૯. | સમાજ તરફથી | હર્ષ મુકેશકુમાર બારભાયા | M.B.A. | ૬૦૦/- |
| ૧૦. | સમાજ તરફથી | હેત્વી યોગેશકુમાર શાહ | M. Com. | ૬૦૦/- |
| ૧૧. | સમાજ તરફથી | ઋત્વી ભદ્રેશભાઇ કોઠારી | M. Com. | ૬૦૦/- |
| ૧૨. | સમાજ તરફથી | ધ્યાન હરેશભાઇ સલોત | M. Com. | ૬૦૦/- |

# શૈક્ષણિક ઇનામો ૨૦૨૧-૨૨

## જૂથ-૮ નોન ટેકિનકલ સ્નાતક

| અ.નં. | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીનું નામ | અભ્યાસ | ઇનામ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | સ્વ. વાડીલાલ કચરાભાઈ સંઘવી | જૈની જિગ્નેશકુમાર શાહ | B.Pharm | ૬૦૦/- |
| ૨. | શ્રીમતી કાંતાબેન મહાસુખલાલ સખીદાસ | વિશ્વા કમલેશકુમાર ગાંધી | B.Pharm | ૪૦૦/- |
| ૩. | શ્રીમતી પ્રભાબેન કિશોરભાઈ શાહ | નિર્મીત સમીરભાઇ કોઠારી | B.Com. | ૪૦૦/- |
| ૪. | શ્રી રાજેન્દ્રકુમાર વસંતલાલ દોશી | નૈસર્ગી બિમલભાઇ ગોપાણી | B.Com. | ૪૦૦/- |
| ૫. | શ્રીમતી મણિબેન વાડીલાલ દોશી | હેત્વી ધર્મેન્દ્રભાઇ સંઘવી | B.Com. | ૪૦૦/- |
| ૬. | સ્વ. લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી | ઝીલ શૈલેન્દ્રભાઇ દોશી | B.Com. | ૪૦૦/- |
| ૭. | સ્વ. કિશોરચંદ્ર લાલચંદ શાહ | પ્રથમ નીતીનભાઇ દોશી | B.C.A. | ૪૦૦/- |
| ૮. | સ્વ. ચંદુલાલ અબજીભાઈ શાહ | વૃષિકા અલ્પેશભાઇ શાહ | B.C.A. | ૪૦૦/- |
| ૯. | શ્રી નરેન્દ્રભાઈ ખુશાલદાસ શાહ | લજ્જાબેન પ્રશાંતભાઇ દોશી | B. B.A. | ૪૦૦/- |
| ૧૦. | શ્રી અમરતલાલ ખુશાલદાસ શાહ | નીશી અલ્પેશભાઇ શાહ | B. B.A. | ૪૦૦/- |
| ૧૧. | શ્રી રમણલાલ પરષોત્તમદાસ વોરા | ધ્રુમિત સુનીલભાઇ શાહ | L.L.B. | ૪૦૦/- |
| ૧૨. | સમાજ તરફથી | હની જયેશભાઇ શાહ | L.L.B. | ૪૦૦/- |





Hardik R. Gopani
+91 98250 09171

**Diamonds Redefined**

Vipul H. Gopani
+91 98256 03309

BONICA
JEWELS



**Exclusive Diamond Jewellery**

104, Abhishree Avenue, Surendra Mangaldas Road, Nr.Shakti Electronics, Ambawadi, Ahmedabad, Gujarat 380015

+91 9726 444 567 | vipul@bonicajewels.com | bonicajewels.com




તમે જો માત્ર નસીબની ચારી શોધતા હશો
તો તકને ઓળખી નહી શકો.

# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજિત તેમજ ZPL-7 ઇવેન્ટ ગ્રુપ સંચાલિત ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૩ ZPL-7 ટીમ ડીસ્ટ્રીબ્યુશન કાર્યક્રમનો અહેવાલ

તા. ૯-૧૦-૨૦૨૨ ના રોજ સમાજની ઓફિસ શાન્તમ એક્ટિવીટી સેન્ટરમાં ZPL-7 ની ટીમ ડીસ્ટ્રીબ્યુશનનો કાર્યક્રમ બપોરે ૩-૦૦ કલાકે યોજવામાં આવેલ જેમાં સમાજના કમીટી સભ્યો, યુવાબ્રિગેડ ટીમના સભ્યો, આમંત્રિત મહેમાનો, ૮ ટીમના ઓનર્સ તથા ખેલાડીઓ વિ. હાજર રહેલ. શરુઆત નવકાર મહામંત્ર તથા રાષ્ટ્રગીતથી કરેલ ત્યારબાદ શ્રી ઋષભભાઇ સંઘવી દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવેલ અને હાજર રહેલ સૌનું ભાવભીનું સ્વાગત કરેલ. ત્યારબાદ આગળના કાર્યક્રમની શરુઆત શ્રી નિલયભાઇ શાહ દ્વારા કરવામાં આવી.

સૌ પ્રથમ આ પ્રસંગે આપણાં સમાજના પ્રમુખશ્રી ઉમેશભાઇ દોશી હાજર રહી શકેલ નહી તેથી તેઓએ વીડીયો દ્વારા હાજર રહેલ સૌ માટે ઉદબોધન કર્યુ અને જણાવેલ કે આ રમત આપણાં સમાજની પ્રતિષ્ઠા વધે તે રીતે રમવી તેમ જ હંમેશા આપણી લીટી લાંબી કરવી અને ભાઇચારાથી રમત રમવી. ત્યારબાદ પ્રોજેક્ટર પર ZPL ની શરુઆતથી અત્યાર સુધીની બધી જ મેચોનું ફ્લેશબેકની ઝલક દર્શાવેલ. ત્યારબાદ ZPL-7 ના મેઇન સ્પોન્સરર શ્રી જીગ્નેશભાઇ કોઠારીનું બહુમાન કમીટી સભ્યશ્રી કેલનભાઇ વોરા દ્વારા મોમેન્ટોથી કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી જીગ્નેશભાઇ કોઠારીએ જણાવેલ કે આ ક્રિકેટમેચથી સમાજને કોઇપણ પ્રકારનું નુકસાન ન પહોંચે તેવી હેલ્થી રીતે દરેક ખેલાડીને રમવા શુભેચ્છા પાઠવી. ત્યારબાદ દરેક ટીમ ઓનર્સનું મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ જેમાં સૌ પ્રથમ Bhulka's Pink Panthers ટીમ ઓનર ડૉ. અપૂર્વભાઇ એન. સંઘવીનું બહુમાન કમીટી સભ્ય શ્રી ચૈતન્યભાઇ એસ. સંઘવી દ્વારા, Info-Kin's Black Horses ટીમ ઓનર શ્રી કિંતનભાઇ એસ. ગાંધીનું બહુમાન મેઇન સ્પોન્સરરશ્રી જિગ્નેશભાઇ કોઠારી દ્વારા, Keyur's Green Pythons ટીમ ઓનર શ્રી કેયુરભાઇ એમ. શાહ (વાડીવિહાર)નું બહુમાનશ્રી રાજુભાઇ સલોત દ્વારા, Rajan's Red Bulls ટીમના ઓનર શ્રી મિત્તલભાઇ તથા બિનોયભાઇ આર. શાહનું બહુમાન આંમત્રિત મહેમાન શ્રી કલ્પેશભાઇ દોશી દ્વારા, Ratnam's Golden Lions ટીમ ઓનર ડૉ. જીમીતભાઇ એન. સંઘવીનું બહુમાન યુવાબ્રિગેડના સભ્યશ્રી ઋષભભાઇ સંઘવી દ્વારા, Richa's Blue Whales ટીમ ઓનરશ્રી મીત કલ્પેશભાઇ દોશીનું બહુમાન યુવા બ્રિગેડના સભ્યશ્રી શ્રેણીકભાઇ દોશી દ્વારા, Vishakha's Purple Pandas ટીમ ઓનર શ્રી સુજલભાઇ યુ. દોશીનું બહુમાન શ્રી વિશાલભાઇ સંઘવી દ્વારા તથા Vison Eye's White Tigers ટીમ ઓનર શ્રી મિલનભાઇ આર. સંઘવીનું બહુમાન યુવા બ્રિગેડના સભ્યશ્રી અંકિતભાઇ સંઘવી તથા શ્રી તુષારભાઇ વોરા દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ ડૉ. અપૂર્વભાઇ એન. સંઘવીએ પ્રસંગને અનુરુપ એક સુંદર કવિતા રજૂ કરેલ.

હવે જેની આતુરતાથી રાહ જોવાઇ રહી હતી તે "જયંત કોઠારી કપ" ટ્રોફીનું અનાવરણ મેઇન સ્પોન્સરર શ્રી જીગ્નેશભાઇ કોઠારી, હાજર રહેલ કમીટી સભ્યો, યુવાબ્રિગેડના સભ્યો દ્વારા કરવામાં આવેલ જેનો હાજર રહેલ યુવાનોએ તાળીઓના ગડગડાટથી હોલને ગુંજવી નાંખેલ. ત્યારબાદ પ્રોજેક્ટર સ્ક્રીન ઉપર ZPL-7 ક્રિકેટમેચના રુલ્સ એન્ડ રેગ્યુલેશન હાજર રહેલ દરેક ટીમ ઓનર તથા ખેલાડીઓને શ્રી નિલયભાઇ વી. શાહ દ્વારા સમજાવવામાં આવેલ.

ત્યારબાદ સૌથી અગત્યનું એવું કઇ ટીમમાં કયા ખેલાડીઓ આવશે તેના માટે સુંદર વ્યવસ્થિત ગોઠવણી દ્વારા ટીમ ઓનરને અતિપારદર્શક પધ્ધતિથી તેઓને આપવામાં આવેલ પોતાની ટીમની જારમાં ૧૫ રાઉન્ડથી ચીઠ્ઠીઓ ઉપાડી ટીમની ફાળવણી કરવામાં આવેલ અને ચીઠ્ઠી ઉપાડવાની પ્રક્રિયા સમાપ્ત થયેથી દરેક જારની જે તે ટીમના ખેલાડીઓના નામની જાહેરાત જે તે ટીમના ઓનર દ્વારા કરવામાં આવેલ તેમજ ટીમવાઇઝ ઓનર સાથે ગ્રુપ ફોટો પણ લેવામાં આવેલ. હાજર રહેલ ખેલાડીઓએ તેને હસીખુશીથી અતિ ઉત્સાહપૂર્વક તાળીઓ પાડી તેમાં પોતાનો ઉત્સાહ દર્શાવેલ. દરેક ટીમના ખેલાડીઓને જણાવવામાં આવેલ કે પ્રેકટીસમાં હાજર રહે અને ખેલદીલીપૂર્વક આ ટુર્નામેન્ટ રમે તેવી શુભેચ્છા પાઠવવામાં આવેલ. ત્યારબાદ અલ્પાહારને ન્યાય આપી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવેલ. તો સમાજના દરેક સભ્યોને ખાસ વિનંતી કે આપણા સમાજના આ યુવાનોનો ઉત્સાહ વધારવા મેચના દિવસે અચૂક હાજર રહેવું. આ વર્ષની પ્રીમીયર લીગમાં નીચે જણાવેલ ઉદારદિલ દાતાઓ તરફથી મળેલ સહયોગ બદલ સમાજ તેઓનો આભારી છે.

## ZPL-7 ક્રિકેટ મેચમાં આર્થિક યોગદાન આપનાર દાતાઓના નામની માહીતી નીચે મુજબ છે.

**જયંત કોઠારી કપ - મેઇન સ્પોન્સરર**

| | | |
|---|---|---|
| ● શ્રી જીગ્નેશભાઇ જયંતિલાલ કોઠારી પરિવાર | | Rs. 51000/- |

**: ટીમની સ્પોન્સરશીપ :**

| | | |
|---|---|---|
| ● શ્રી મિત્તલ આર. શાહ - શ્રી બિનોય આર. શાહ | - Rajan's Red Bulls | Rs. 21000/- |
| ● શ્રી મિલનભાઇ આર. સંઘવી | - Vison Eye's White Tigers | Rs. 21000/- |
| ● ડૉ. જીમીતભાઇ એન. સંઘવી | - Ratnam's Golden Lions | Rs. 21000/- |
| ● શ્રી કેયૂરભાઇ એમ. શાહ | - Keyur's Green Pythons | Rs. 21000/- |
| ● શ્રી મીત કલ્પેશભાઇ દોશી | - Richa's Blue Whales | Rs. 21000/- |
| ● શ્રી કીંતનભાઇ એસ. ગાંધી | - Info-Kin's Black Horses | Rs. 21000/- |
| ● શ્રી સુજલભાઇ યુ. દોશી | - Vishakha's Purple Pandas | Rs. 21000/- |
| ● ડૉ. અપૂર્વભાઇ એન. સંઘવી | - Bhulka's Pink Panthers | Rs. 21000/- |

**: અન્ય સ્પોન્સરશીપ :**

| | | |
|---|---|---|
| ● જમણવારના દાતા | - શ્રી શ્વેતલભાઇ હસુભાઇ સંઘવી | Rs. 31000/- |
| ● ટી-શર્ટ પાર્ટનર | - ડી.ડી. એન્ટરપ્રાઇઝ | Rs. 21000/- |
| ● ટી-શર્ટ કો-સ્પોન્સર્સ | - શ્રી હિતેષભાઈ અમૃતલાલ શાહ (બરવાળાવાળા) (સીમંધર ટોઇઝ) | Rs. 11000/- |
| ● વીનરટીમ, રનર્સઅપ ટીમ, ખેલાડીઓના ઇનામના દાતા | - શ્રી કેતુલ સંઘવી | Rs. 21000/- |
| ● મેન ઓફ ધી મેચ - સેમીફાઇનલ, ફાઇનલ મેચના દાતા | - શ્રી જીગ્નેશભાઇ કોઠારી, ડો. અપૂર્વભાઇ જે. સંઘવી, - ડો. જીમીતભાઇ એન. સંઘવી | Rs. 11000/- |
| ● મેન ઓફ ધ સીરીઝ | - શ્રી રાજુભાઇ સી. સલોત | Rs. 5000/- |
| ● બેસ્ટ બોલર ઓફ ટુર્નામેન્ટ | - ડો. સિધ્ધાર્થ શાહ | Rs. 2500/- |
| ● બેસ્ટ બેટસમેન ઓફ ટુર્નામેન્ટ | - શ્રી કેલનભાઇ પી. વોરા | Rs. 2500/- |
| ● બેસ્ટ ફીલ્ડર ઓફ ટુર્નામેન્ટ | - શ્રી શ્રેણીકભાઇ એસ. દોશી | Rs. 2500/- |
| ● બેસ્ટ કેચ ઓફ ટુર્નામેન્ટ | - શ્રી તુષારભાઈ વી. વોરા | Rs. 2500/- |
| ● મેન ઓફ ધ મેચ - (૪ દિવસ લીગ મેચ) | - શ્રી સંકેતભાઇ આર. વસાણી, શ્રી અંકિતભાઇ શાહ | Rs. 8000/- |
| ● ZPL જુનીયર ટીમ ઓનરશીપ | - શ્રી નમન શાહ - શ્રી નીલ સલોત | Rs. 5000/- |
| | - શ્રી નીરવભાઇ દેસાઇ | Rs. 5000/- |
| | - Best Buddy's Group | Rs. 5000/- |
| ● ZPL જુનીયર ટીમ કો-સ્પોન્સર | - શ્રી ચૈતન્યભાઇ એસ. સંઘવી | Rs. 7500/- |

● ટીમ લોગો પાર્ટનર

(૧) શ્રી મીત કલ્પેશ દોશી Rs. 7500/- (૨) ડો. પરિમલ ગાંધી Rs. 7500/-

(૩) અરિહંત ઓપ્ટીક્સ Rs. 2500/- (૪) કેક્સ એન્ડ બેક્સ Rs. 2500/-

## નીચે મુજબના દાતા આવકાર્ય છે.

| | | |
|---|---|---|
| ● ટીમના નામ સાથે લોગો (૨૪ દાતા આવકાર્ય) | - ફર્મનું નામ | Rs. 2500/- |
| ● જુનીયર ટીમ પ્રાઇઝ ડીસ્ટ્રીબ્યુશન પાર્ટનર | | Rs. 7500/- |
| ● રીફ્રેશમેન્ટ પાર્ટનર પ્રતિ દિવસ | | Rs. 8000/- |

ઉપર મુજબની બાકી રહેતી સ્પોન્સરશીપ માટે યોગદાન આવકાર્ય છે. જો યોગદાન આપવામાં રસ ધરાવતા હોય તો તેઓએ શ્રી ઋષભભાઇ સંઘવી (મો) ૯૩૭૬૧૨૮૪૩૫ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

**નોંધ : તા. ૯-૧૦-૨૦૨૨ ના રોજ થયેલ ટીમ ડીસ્ટ્રીબ્યુશનના ખેલાડીઓની ટીમવાઇઝ માહીતી આવતા અંકમાં આપવામાં આવશે.**

પ્રેષક : શ્રી શ્રેણીકભાઇ દોશી



દુઃખીજનોનો જ વિચાર કરે છે, તે પોતાનો વિચાર નહી કરે તેને એટલો સમય પણ ક્યાંથી હોય ? - ગાંધીજી

# ZPL-7 (2023) ટીમ ડીસ્ટ્રીબ્યુશનની ઝલક













JAYANT KOTHARI JK CUP
ZPL 2023













દાની, ત્યાગી, જ્ઞાની અને વીતરાગી
એ સૌની પાછળ નમ્રતા રહેલી છે.

# ZPL-7 (2023) ટીમ ડીસ્ટ્રીબ્યુશનની ઝલક
















વિશ્વાસ જીવન છે, સંશય મોત છે.
- રામકૃષ્ણ પરમહંસ

# Gujarat Pathology Laboratory & Diagnostic Center

ગુજરાત પેથોલોજી લેબોરેટરી એન્ડ ડાયગ્નોસ્ટીક સેન્ટર

- Pathology Laboratory
- Corporate Health Check-up
- Industrial Health Check-up
- Various Body Profiles


| | | |
|---|---|---|
| PALDI | 101-102, Span Trade Center, Opp. Kochrab Ashram, Paldi Cross Road, Paldi, Ahmedabad - 380006. Ph. : 079- 26586480, 26584893, 66314721 Mo. : 8866002931 E-mail : gujaratdiagnostic101@yahoo.in ***(NABL ACCREADITED LABORATORY - ISO 15189:2012 & NABL 112)*** | Time : 24 hours |
| NARANPURA | 101, Binali Complex, AEC Cross Road, Opp. Torrent Power, Naranpura, Ahmedabad - 380 013. Ph. : 079 - 27472151, 48482151 Mo. : 9909962251 E-mail : gujaratlab101@gmail.com | Time : 7.00 am to 8.30 pm |
| SOUTH BOPAL | D-270, SoBo Center, Near Arohi Royal Bunglow, B/h. Suncity, Off. S. P. Ring Road, South Bopal Ahmedabad - 380 058. Email : gujaratpatho@gmail.com Ph. : 02717-402403 Mob. : 8866002930 | Time : 8.00 am to 8.00 pm |
| GOTA | 220, Centre Point, Opp. Vrundavan Heights, Vandematram City to Savvy Swaraj Road, Chenpur, Gota, Ahmedabad-382470. Ph. : 079 - 48442151, Mo. 9909962278 | Time : 8.00 am to 8.00 pm |
| NORTH BOPAL | Collection Centre : Shri Krushna complex, 1st Floor, Nr. Sparsh Hotel, Upper Purohit Sweet Mart, Bopal, Ahmedabad. Mo. 8866002945 | Time : 8.00 am to 8.00 pm |

**Dr. Niraj Kothari** M.B., D.C.P., (Path.) | **Dr. Dipali Patel** M.B., M.D. (Path.) | **Dr. Bijal Thakkar** M.B., D.C.P., (Path.) | **Dr. Kuldip Dangar** M.B., M.D. (Path.) | **Dr. Payal Desai** M.B., M.D. (Path.)

## BODY PROFILE
## Rs. 3000/-

**Blood Count**
CBC
**Sugar Test**
FBS
PPBS (2 hrs. after meal)
HBA1C
**Lipid Profile**
- S. Cholesterol
- S. Triglyceride
- S. HDL Cholesterol
- S. LDL Cholesterol
- S. VLDL Chlesterol
- S. HDL / LDL Cholesterol
- S. HDL / VLDL Cholesterol

Total Lipid
**Renal Fuction Test**
Bl. Urea
S. Creatinine
S. Uric Acid
S. Calcium
Magnesium
**Electrolytes**
Sodium
Potassium
Chloride



**Liver Test**
S.G.P.T.
Billirubin Total
Billirubin Direct
Billirubin Indirect
S. Protein
S. Alburmin
S. Globutin
A/G Ration
S.G.O.T.
S. Alk. Po4
**Vitamin Profile**
Vitamin B-12
Vitamin - D
**Iron Deficiency Profile**
S.Iron
T.I.B.C.
**Hormones Profile**
T3
T4
TSH
**Urine R/M**

## Covid-19 RT PCR Test

**Home-Hospital Collection**
**Rs. 550-00**

**Laboratory Test**
**Rs. 400-00**

બોડી પ્રોફાઇલ સિવાયના અન્ય ટેસ્ટમાં ૨૦% ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.






મહેનત શરીરને બળવાન બનાવે છે,
મુશ્કેલીઓ મનને મક્કમ બનાવે છે.

સંપર્ક : ૯૪૨૬૨ ૭૫૧૫૬

## સુંદરવન

### વડીલોનો વિસામો

# અગમના એંધાણે...

પ્રિય સન્માનીય સભ્ય મિત્રો... જય જિનેન્દ્ર....,

મિત્રો ! પર્વો તો આવે છે ને જાય છે.. સમયના વ્હાણા વાતા જ રહે છે, જીવનનું નવલું પ્રભાત ઉગે છે.. ભગવંતે એક વધુ દિવસની આપણને ભેટ ધરી છે.. શું કરીશું ? ત્યાં દિવાળી નજીક આવ્યાના પગલાં સંભળાઈ રહ્યા છે. ત્યારે કેમ ભૂલી શકાય એ જ્ઞાતપુત્ર ભ.મહાવીરને.. જેમણે જગતના અંધારા ઉલેચી, એક પરમનો પ્રકાશ પાથરવા માટે મૃત્યુલોકથી મુક્તિલોક સુધીની પરમની યાત્રા શરૂ કરી. નિર્વાણ માટેનું પ્રસ્થાન શરૂ કર્યું. સાધના દ્વારા પ્રાપ્ત પરમ જ્ઞાન જગત જીવો સામે ધર્યું. તેઓ ખાસ કહેતા "વર્તનમાં વણાયા વિનાનું જ્ઞાન કદી તારે નહીં."

આ બધું સમજતા કરતા વૃદ્ધત્વને આરે પહોંચી ગયા. આતમ પંખી પાંખો ફફડાવા માંડે છે. ક્ષિતિજને પેલે પાર.. ત્યાં જવાની તૈયારી કરવાની છે. જીવનના આકાશમાં હવે ઉડ્ડયન ક્યાં શક્ય રહ્યું છે ? આંખો ધૂંધળી, પાંખો પાંગળી બની રહી છે. શરીરની શિથિલતા વધતી રહી છે. અગમના એંધાણ થવા માંડે છે. અગોચર ભૂમિમાં જવાની તૈયારી કરવાની છે. ક્યારે ઘનઘોર અંધકાર જીવનમાં પથરાઈ જશે તેની ખબર નથી. છેલ્લે જીવનના છેલ્લા પડાવે.. કરેલી ભૂલોને ભૂલી ભવાટવીમાં ભટકી રહેલા જીવને સ્થિર કરી ચિત્તની અવસ્થાને ઊંચી ભૂમિકાને લઈ જઈ સ્થિર કરવી છે. જ્યાં પરિવારને ભૂલી પરમમાં ભરોસો ઉભો કરી પારાવારમાં ભળી જવું છે. દિવાળીની અમાસની અંધારી રાત્રિએ ભગવાન મહાવીરે પોતાના નિર્વાણની અંતિમ ઘડી સુધી જગત સામે પરમ જ્ઞાનનો પ્રકાશ પાથર્યો.. અને.. આ દેશનાને ઝીલવી છે. તેથી...

માનવ સર્જિત દીવડાં તો ઘર ઘરને અજવાળે છે પણ હે પ્રભુ ! તમે તો ત્રિભુવન દિપક છો. તમારો જ્ઞાનદીપ તો ત્રણેય લોકને પ્રકાશે છે..

હે પ્રભુ.. અમારા દિલમાં પણ એ જ્ઞાનનો પ્રકાશ પથરાય !

**ઉપપ્રમુખ : પ્રા. પ્રવિણા ગાંધી ● મંત્રીશ્રી : અશોક ગાંધી**

## માત્ર અમુક-તમુક ત્યાગ કરવાથી મહાન નથી બની જવાતું.

આજે દરેક વ્યક્તિને મહાન બનવું છે. દરેક વ્યક્તિના હૃદયમાં ઊંડેઊંડે એક લાગણી તો હોય જ છે કે એ મહાન બને. પણ મોટા ભાગની વ્યક્તિને એ ખબર નથી હોતી કે મહાનતા શું છે? મહાન કેવી રીતે બનાય ?

મહાન બનવા માટે બનાવટી કષ્ટો ના ચાલે ! એના માટે તો તનતોડ પુરુષાર્થ કરવો પડે. મનની શક્તિઓને જાગૃત કરવી પડે. ઊંચાં લક્ષ્યાંકો સિદ્ધ કરવાં પડે અને માનવહિતને આગળ રાખવું પડે. મહાન બનવા માટે મહાપુરુષોનાં જીવન-ચરિત્રો વાંચવા પડે, એમને અનુસરવા પડે. સ્વાર્થ, લોભ, મોહ અને માયાને એક જ ઝાટકે ઉખાડીને ફેંકી દેવા પડે.

ઘણા લોકો એવું માને છે કે માત્ર અમુક-તમુક વસ્તુઓ કે સુવિધાઓનો ત્યાગ કરી દીધો એટલે એ મહાન થઈ ગયા. પણ એવું નથી હોતું. મહાત્મા ગાંધી માત્ર ચોરી કરવાનું છોડીને કે માંસ ન ખાવાની પ્રતિજ્ઞા લઈને મહાન નથી થયા. એ મહાન થયા છે એમણે કરેલ દેશવાસીઓની સેવા અને અહિંસક સત્યાગ્રહોને કારણે. એમનામાં દેશવાસીઓ માટે અનુકંપા હતી અને દેશને ગુલામીમાંથી આઝાદ કરાવવા માટે એમણે આખી જિંદગી હોમી દીધી એના કારણે આજે મહાન નેતાઓમાં એમનું નામ લેવાય છે. ન કે એમના અમુક-તમુક ત્યાગને કારણે.

હા, એક વાત નક્કી છે કે પ્રત્યેક વ્યક્તિમાં મહાન બનવાના ગુણો પહેલા જ હોય છે. પણ એ બીજને અંકુરિત કરવા માટે એને સંસ્કારનું પાણી સિંચવાની જરૂરત હોય છે. તાલીમ અને અભ્યાસ દ્વારા એને ઘડી શકાય છે. ગમે તેવી અડચણો સામે લડી શકાય.


**SHAH AGENCIES**

PROPRIETOR : ENJE SHAH ENTERPRISES PVT. LTD.

DEALING IN : POLYESTER FILM SHRINK FILM & SLEEVE

**NIRAV SHAH • DEVANG SHAH**

Adm. Off. : 317-318, Pushpam Complex, Opp. Seema Hall, 100 Ft. Road, Satellite, Ahmedabad - 380 015.
Phone : 91-79-26932662, 63
E-mail : shahagencies1@gmail.com

**SHAH ASSOCIATES**

DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES

ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421

Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad
Ph. : (079) 27558672
E-mail : shahpapers&foils@hotmail.com
shahpapers&foils@gmail.com
Phone : (R) (079) 26931040 / 41

**JIVANSATHI.NET**
**મેરેજ બ્યુરો**

લગ્નો ઉત્સુક દરેક જ્ઞાતી તથા ધર્મના યુવક-યુવતિઓ માટે

**માત્ર કન્યાઓ માટે ૧૦૦% ફ્રી**

**સંપર્ક : ચંદ્રકાન્ત પંચાલ**

એ-૯, તીર્થદિવભૂમિ એપાર્ટમેન્ટ, કેશવનગર રોડ, સુભાષબ્રિજ, અમદાવાદ-૨૭.

**Mobile : 98 25 19 19 25**
E-mail : info@jivansathi.net
Website : www.jivansathi.net




તમે સમયને જો એમને એમ જ વેડફી નાંખશો તો તાજુ ફૂલ પણ સુંઘાયા વિના જ ચીમળાઈ જશે !

# દસ્તાવેજો તથા અગત્યના રેકર્ડઝની જાળવણી માટે જરૂરી માર્ગદર્શન

લેખિકા પોતે ચાર્ટડ એકાઉન્ટન્ટ છે ને તેઓએ અકસ્માતમાં પોતાના પતિને ગુમાવ્યા બાદ આ લખ્યુ છે : અને નીચે જણાવેલ તમામ પ્રોબ્લેમ નો જવાબ મળી રહે તે માટે ની સિસ્ટમ અમે બનાવી છે અને પ્રાઇવેટ સર્કલમાં તેનું distribution પણ કરેલ છે. મારા પતિના આકસ્મિક મૃત્યુ પછી મારી આપવીતીમાંથી જે થોડી વાતો હું શીખી તે તમારી સમક્ષ રજૂ કરું છું. આપણે હંમેશાં માનીએ છીએ કે આપણે લાંબું જીવીશું..પણ જીવન ઘણી અનિશ્ચિતતાઓથી ભરેલું છે. મારા પતિ એક IT પ્રોફેશનલ હતા અને હું એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છું.

મારા પતિ એક IT પ્રોફેશનલ અને ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરનારા હોવાથી તેમની તમામ માહિતી એમના લેપટોપમાં હતી...માસિક બિલથી લઈને બેંક સ્ટેટમેન્ટ્સ, તેમના તમામ રોકાણ, બેંક એકાઉન્ટના આઈ ડી-પાસવર્ડ..સહિતનું બધું જ તેમણે લેપટોપમાં એક ફોલ્ડરમાં રાખી હતી, જે એક પાસવર્ડ વડે સુરક્ષિત હતું અને તેમનું લેપટોપ પણ એક પાસવર્ડથી સુરક્ષિત હતું. બધા પાસવર્ડ્સ અતિશય અઘરા બનાવ્યા હતા, જે દર ૪૫ દિવસે તેઓ પાસવર્ડ બદલતા, તેમની હયાતીમાં તો મને એમના લેપટોપનું કામ હોય તો એક ફોન કરીને પાસવર્ડ જાણી લેતી..મારા માટે સરળ હતું. પણ હવે એમના ચાલ્યા ગયા બાદ કોને એમનો પાસવર્ડ પૂછું ?

વ્યવસાયનાં દસ્તાવેજોની જે રીતે કાળજી લઈએ છીએ, એટલી કાળજી આપણાં અંગત જીવનના દસ્તાવેજોની નથી લેતા. અંગત દસ્તાવેજોના કિસ્સામાં હંમેશાં આળસને લીધે ઢીલાઢોળ થતી રહે છે..અરે! આવતીકાલ છે ને, પછી કરીશું! મારા પતિ ઓફિસેથી ઘરે આવતા હતા અને એક બાઈક અકસ્માતે અમારી તમામ 'આવતીકાલ' છીનવી લીધી..મારા પતિ ફક્ત ૩૩ વર્ષના હતા. તેમના એ અકસ્માતમાં એમનાં લપટોપ અને મોબાઈલનું પણ કચ્ચરઘાણ વાળી નાખ્યું. તેમનાં બચત ખાતાં, સેલરી એકાઉન્ટમાં કોઈ નોમિની નહોતું. તેમના જીવન વીમામાં મારાં સાસુ નોમિની હતાં અને તેઓ લગભગ ૨ વર્ષ પહેલાં ગુજરી ગયાં હતાં. પરંતુ, આ તો હજી ફક્ત શરૂઆત હતી. મને તેમના ઈ-મેઇલ એકાઉન્ટનો પાસવર્ડ ખબર ન હતો કે જ્યાં તમામ ઇ-બિલ આવતાં. મને એ પણ ખબર નહોતી કે તેઓ કયા બિલની ચૂકવણી જાતે કરતા અને કયા બિલની ચૂકવણી ઓટો-પે થી બેંક ખાતાંમાંથી સીધી જ થઈ જતી.

તેમની તાજેતરમાં બદલી થઈ હતી અને હું તેમના કોઈ સહકર્મચારીને પણ જાણતી નહોતી. મને એમને મળવાપાત્ર રકમ અંગે કોઈ જ ગતાગમ નહોતી..એમનાં કયાં બિલની હજુ ચૂકવણી બાકી હતી અને કયાં બિલ એમણે હજુ ચૂકવણી માટે ઓફિસમાં મૂક્યાં પણ નથી..વગેરે. અમે હોમલોન પર જે ઘર ખરીદ્યું, તે અમારી બંનેની કુલ આવકને ધ્યાનમાં રાખીને અમને પરવડી શકે એવા EMI પર ખરીદ્યું હતું. અમે જ્યાંથી હોમલોન લીધી તેમણે લોન પર વીમો લેવાનું સૂચવ્યું હતું પણ અમને એ વીમો ખર્ચાળ લાગતાં અમે એ વીમો ન લીધો. અમે ક્યારેય વિચાર્યું નહીં કે, જો એક પગાર પર ઘર ચલાવવાની નોબત આવી, તો અમે શું કરીશું. તેથી, મારા માટે આ મોટી EMI ની રકમ હવે એક માથાનો દુ:ખાવો બની રહી છે. મને સમજાયું કે મારે એક લાંબું યુદ્ધ લડવાનું છે. મારા પતિનો રોડ અકસ્માતનો કેસ હતો. તેથી દરેક જગ્યાએ મારે ડેથ સર્ટિફિકેટ, FIR રિપોર્ટ, પોસ્ટમોર્ટમ રિપોર્ટની જરૂર પડતી હતી. દરેક વસ્તુ માટે જુદા જુદા દસ્તાવેજ જોઈતા હતા. ઇન્ડેમ્નિટી બોન્ડ્સ, નોટરી, નો ઓબ્જેક્શન સર્ટીફીકેટ..વગેરે.

કારણ કે અમે સંયુક્ત રીતે ઘર ખરીદ્યું હતું એટલે એના પર મારી માલિકીનો દાવો પ્રમાણમાં સરળ હતો. પરંતુ ઘર સિવાય, અમારી જમીન, અમારી કાર, અમારી બાઈક, વગેરે મારી પણ મિલકત છે એ સાબિત કરવું સરળ નહોતું. ઉત્તરાધિકારનું પ્રમાણપત્ર મેળવવું એ એક અલગ યુદ્ધ છે. મારી આખી જિંદગી હચમચી ગઈ હતી.

હવે મને સમજાયું કે મેં જીવનના મહત્વના મુદ્દાઓ પર જરૂરી ધ્યાન નહોતું આપ્યું. મેં વિચાર્યું કે એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવા છતાં જો હું આટલી મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહી છું, તો સામન્ય લોકો કે જેઓ કાનૂની/આર્થિક દસ્તાવેજોની આંટીઘૂંટી સમજી નથી શકતા, તેઓનું આવી પરિસ્થિતિમાં શું થતું હશે? હવે મને વસિયતનામાનું મહત્વ સમજાય છે. થોડા મહિના પહેલાં જો કોઈએ મને વસિયતનામું બનાવવાનું કહ્યું હોત તો મેં વાત હળવાશથી લીધી હોત, પણ હવે જિંદગી બદલાઈ ગઈ છે. તો, આપણા જતાં પહેલાં થોડીક દસ્તાવેજી બાબતો નું યોગ્ય આયોજન કર્યું હશે, તો કમસેકમ દુ:ખના સમયે એમનું હૈયું ચિંતામુક્ત તો હશે.

૧. તમારા તમામ નામાંકનને Nomination તપાસો. કોઈ નોમીના અવસાન બાદ પણ નામાંકન બદલવવાનું આપણને યાદ નથી આવતું. ઘણાં લોકોના સેલરી એકાઉન્ટમાં કોઈના નામે નામાંકન જ નથી હોતું. તેથી, મહેરબાની કરીને તમારા તમામ નામાંકનને તપાસો:
   - બેંક ખાતાં
   - ફિક્સ્ડ ડિપોઝીટ, NSC
   - બેંક લોકર
   - ડીમેટ એકાઉન્ટ
   - વીમો (જીવન, મેડિકલ, બાઈક અથવા કાર અથવા અન્ય કોઈ સંપત્તિ પરનો વીમો)
   - રોકાણો
   - પીએફ, પેન્શન ફોર્મ, વગેરે.

૨. પાસવર્ડ્સ
   આપણી પાસે દરેક વસ્તુ માટે પાસવર્ડ્સ છેઃ ઈ-મેઈલ એકાઉન્ટ્સ, બેંક એકાઉન્ટ્સ, તમે જે લેપટોપ ઉપયોગ કરો છો તેના માટે પણ. જ્યારે તમારા પ્રિયજનો તમારી અનુપસ્થિતિમાં આ પાસવર્ડ્સ ન મેળવી શકે, તો કેવી સમસ્યા ઊભી થાય છે, તે તમે મારા અનુભવ પરથી શીખ્યા હશો. તેથી તમારા તમામ પાસવર્ડ્સ તમારી અનુપસ્થિતિમાં તમારા પ્રિયજનને મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવો.



દરેક માણસ પોતાનું આંગણું વાળી રાખે તો ય દુનિયા ચોખ્ખી થઈ જાય !

૩. રોકાણો

દર વર્ષે ટેક્સ બચાવવાના હેતુથી અને/અથવા કોઈ અન્ય નાણાંકીય લક્ષ્ય માટે આપણે રોકાણો કરીએ છીએ. શું તમે તેના વિશે એક એક્સેલ શીટ જાળવી છે? શું એ એક્સેલ શીટ તમારી અનુપસ્થિતિમાં તમારા પ્રિયજન મેળવી શકશે? એ એક્સેલ શીટ પણ પાસવર્ડથી સુરક્ષિત હોય, તો ફરીથી પાસવર્ડ્સનું વસિયતનામું પોતાનું મહત્વ સાબિત કરે છે! તમારા તમામ રોકાણ તમે જે આર્થિક સલાહકારની મદદથી કર્યા છે, એમનાં સંપર્ક સૂત્રો તમારા પરિવારને ખબર હોવી જોઈએ. શ્રેષ્ઠ તો એ જ રહે કે, તમે જ્યારે પણ તમારા આર્થિક સલાહકાર મળો, ત્યારે તમારા જીવનસાથીને પણ સાથે રાખો, જેથી તેઓ પણ સંપૂર્ણ પ્રક્રિયાના એક ભાગ બને.

૪. વસિયતનામું બનાવો

જી હા, આજે જ વસિયતનામું બનાવો. તમે આ સલાહ હસવામાં લેશો. ઘણાં ઓછા દસ્તાવેજોથી મારું બધું કામ પાર પડત.

૫. દેવું

જ્યારે તમે લોન લો છો..પછી એ હોમલોન હોય કે કારલોન, બધી જ "આમ થયું તો ? / what if" સંભાવનાઓ તપાસો...જેમ કે, "જો આવતીકાલે હું ન હોઉં તો?"; "જો મારી નોકરી જતી રહે તો?" અથવા "જો બેમાંથી એક જણની આવક બંધ થઈ જાય તો?"

જો આવું કંઈ પણ થાય તો..શું તમે EMI ચૂકવી શકશો? બીજું કંઈ નહિ તો લોનની રકમ પર વીમો લો, જેથી તમારી અનુપસ્થિતિમાં તમારા પરિવારને ઘર જેવી મૂળભૂત બાબતે ચિંતા કરવાની જરૂર ન રહે.

તમારા પ્રિયજનને તમારા ગયા પછી ઓછામાં ઓછી તકલીફ પડે. યાદ રાખજો, કે આપણને કોઈને ખબર નથી કે ભવિષ્યમાં શું થશે. પણ એક સૂત્ર ગળે બાંધવા જેવું છેઃ જીવનની દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહો.

જીવનને ક્યારેય taken for granted ન લો. તમારા પ્રિયજનોની કાળજી માટે જરૂરી દસ્તાવેજો (વસિયતનામું, નામાંકન, વગેરે) ની નિયમિત જાળવણી કરો. આ લેખ દરેક વ્યક્તિએ વાંચવો અને અમલમાં મુકવો જ જોઈએ.

## મિલાવું જો હાથ તો....

મિલાવું જો હાથ તો... એમાં મિલાવટ હું નથી કરતો...!
સમય વર્તી સંબંધોમાં. સજાવટ હું નથી કરતો...!
જરૂર પડે કોઈને તો.., જીવતે જ ખભો-સહારો આપી દઉં છું.,
કોઈ કિતાબમાં નથી લખ્યું કે, આ કામ મર્યા પછી જ કરવું..!
નમતો હતો, નમું છું અને નમીશ, સંબંધ સાચવવા,
બાકી, લાચાર ત્યારે પણ નહતો, અને આજે પણ નથી.
